આકાશમાંથી અંગારા વરસી રહ્યા છે. હીટવેવનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ગરમીમાં હવે બહાર નીકળવુ મુશ્કેલ બની રહ્યું છે. ખુલ્લા આકાશ નીચે કામ કરતા શ્રમજીવીઓની હાલત ઉનાળામાં કફોડી બની રહી છે. ઉનાળાની કાળઝાળ ગરમી તેમને ભારે મુશ્કેલીમાં મુકી રહી છે. બપોરના સમયે તડકો માથે હોય ત્યારે શ્રમજીવીઓને નાછૂટકે થોડોક આરામ કરી લેવો પડે છે. વૃક્ષોના છાંયો શોધીને બપોરના સમયે બે ઘડી આરામ કરી લેતા શ્રમજીવીઓ હમણાં જોવા મળી જાય છે.

શહેરમાં પાણી ગટર વેરાની ઝુંબેશ દરમિયાન માર્ચના અંતે માંડ ૪૦ ટકા જ વસુલાત

અંદાજિત સવા બે કરોડના માંગણા સામે ૮૦ લાખ જ વસુલાત થઇ !! જુના બાકી માંગણાનો આંકડો પણ મોટો : તંત્ર દ્વારા વેરો નહીં ચુકવનારને ઝડપથી નોટીસ આપવા માટે પણ તૈયારી : હજુ બે દિવસ વળતરનો લાભ લેવા તંત્રની અપીલ

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત અન્વયે માર્ચ મહીનામાં ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જયારે આ ઝુંબેશના અંતે માર્ચના અંત સુધીમાં અંદાજિત રૂ ૮૦ લાખની જ વસુલાત થઇ હોવાનુ ધ્યાને આવ્યુ છે. અલબત્ત વસુલાત ક્ષેત્રે માંડ ૪૦ ટકા જ કામગીરી થઇ છે. માર્ચ મહીનામાં વળતરનો લાભ આપવામાં આવતો હોવાછતા બાકીદારો વેરો ચુકવવામાં નિરસતા સેવી રહ્યા છે. ત્યારે તંત્ર બાકીદારોને હવે ઝડપથી નોટીસ આપી વેરો વસુલવાના મુડમાં છે.

ગાંધીનગરમાં પાણી ગટર વેરાની વસુલાત ઝુંબેશ પુર્ણ થવાના આરે છે. અલબત્ત માર્ચ મહીનાના અંત સુધીમાં માત્ર ૪૦ ટકા જેટલી જ વસુલાત થઇ છે. શહેરમાં અંદાજિત ૨૬ હજારથી પણ વધુ પાણી ગટરના જોડાણકર્તાઓ છે. જયારે દર વર્ષે વેરા વસુલાત અન્વયે ફેબ્રુઆરી મહીનામાં બિલ વિતરણ કરવામાં આવે છે. જયારે બિલ વિતરણના અંતે માર્ચ મહીનામાં વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. માર્ચના અંત સુધીમાં વેરો ચુકવનારને વળતરનો પણ લાભ આપવામાં આવે છે. શહેરના જુના અને નવા સેકટરો સહીત શહેરી વિસ્તારના ગામોમાં જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવા માટે તંત્ર દ્વારા માર્ચ મહીનાની શરૂઆતથી વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે વેરા વસુલાત અન્વયે પાટનગર યોજના ભવનની કચેરી સહીત સે-૩ ની ઈન્ક્વાયરી કચેરી ખાતે પણ સેન્ટર કાર્યરત કરાયુ છે. પરંતુ વર્ષોના અંતે પણ વેરા વસુલાત ઝુંબેશની કાર્યવાહી ઓનલાઈન થઈ નથી જેના લીધે જોડાણકર્તાઓએ હાલ આકરી ગરમીમાં પણ તંત્રની કચેરી સુધી વેરો ચુકવવા લાંબા થવુ પડે છે. છેલ્લા એક મહીનાની ઝુંબેશના અંતે તંત્ર દ્વારા અત્યાર સુધીમાં વેરા વસુલાત ક્ષેત્રે માંડ ૪૦ ટકા જ કામગીરી થઈ છે. શહેરના નવા અને જુના સેકટરો સહીત પાણી ગટર વેરા સંદર્ભે અંદાજિત ૨.૨૫ કરોડનુ માંગણુ છે. જયારે અત્યાર સુધી માંડ ૪૦ ટકા જ વેરો વસુલી શકાયો છે. તંત્રની કચેરીએ રોજબરોજ વેરો ચુકવવા માટે એકલ દોકલ નાગરિકોની અવરજવર જોવા મળે છે. માર્ચ મહીનામાં સરકાર દ્વારા અંદાજિત ૧૦ ટકા વળતરનો લાભ આપવામાં આવે છે. આમછતા વેરો ભરપાઈ કરવામાં જોડાણકર્તાઓ નિરસતા સેવી રહ્યા છે. આ વર્ષે વેરા વસુલાત ક્ષેત્રે અત્યંત નબળા પ્રતિસાદને અનુલક્ષી તંત્ર દ્વારા બાકીદારોને

● અનુસંધાન પાન-૭ પર

ગુરૂવારે ધારાસભ્યોનું ફોટોસેશન યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગુરૂવારે ગુજરાત વિધાનસભાના સભ્યો માટે ફોટોસેશનનું આયોજન કરવામાં આવ્યુ છે. સવારે નવ વાગ્યે આ ફોટોસેશન યોજાશે.

સામાન્યતઃ વિધાનસભાના કાર્યકાળના છેલ્લા સેશનમાં આ ફોટોસેશન યોજાતુ હોય છે. આ વખતે બજેટસત્રના છેલ્લા દિવસે ફોટોસેશન યોજાશે.

વિધાનસભાની ચૂંટણીઓ વહેલી આવી રહી હોવાની ચાલી રહેલી વાતોને આ ફોટોસેશન યોજવાના નિર્ણયને લઈ વધુ બળ મળ્યુ છે. રાજકીય ગલિયારીઓમાં એપ્રિલના બીજા પખવાડિયામાં વિધાનસભા વિસર્જન કરવાનો નિર્ણય મંત્રીમંડળની બેઠકમાં લેવાશે તેવી ચર્ચાઓ પણ શરૂ થઈ છે.

વિધાનસભાની હાલ બે બેઠકો ખાલી પડેલી છે. વિધાનસભાની પેટા ચૂંટણીઓ જાહેર ન થતાં આ વહેલી ચૂંટણી યોજાશે તેવી ચર્ચાઓ શરૂ થઈ હતી.

ગાંધીનગરમાં ગરમીનુ જોર વધ્યુ ત્રણ દિવસથી પારો ૪૧ ડીગ્રી

લઘુત્તમ તાપમાનમાં પણ ૨ ડીગ્રીનો ફેરફાર રાત્રિના સમયે પણ ગરમીની અસર વર્તાય છે : આગામી એપ્રિલ મહીનામાં ગરમીનુ જોર વધશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનુ જોર યથાવત છે. ગરમીનો પારો સતત ૪૧ ડીગ્રીની નજીક છે. જયારે આજે પણ મહત્તમ તાપમાન ૪૦. ૮ ડીગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં સવારથી જ આકરી ગરમી વર્તાતી હતી ગરમીનુ જોર વધતા નગરનુ જનજીવન પણ પ્રભાવિત છે. દિવસ દરમિયાન માર્ગો પર ચહલપહલ ઘટતી જાય છે. જયારે રાત્રિના સમયે શહેરના જનજીવનમાં ધમધમાટ જોવા મળે છે. હજુ આગામી એપ્રિલ મહીનામાં ગરમીનો મિજાજ વધુ ઉગ્ર બને તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો તપી રહ્યો છે. દિવસે કાળઝાળ ગરમી સાથે ગરમ લું ફુંકાતા નગરજનો બેબાકળા બન્યા છે. બપોરે અંગ દઝાડતી ગરમીના લીધે જનજીવન પ્રભાવિત છે. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો નજીવો ઉંચકાયો છે. જયારે આજે મહત્તમ તાપમાન ૪૦.૮ ડીગ્રી નોંધાયુ છે. જયારે બીજીતરફ લઘુત્તમ તાપમાન પણ ૨ ડીગ્રી ઉપર આવ્યુ છે. જેના લીધે રાત્રિના પણ મોડે સુધી ગરમીનો અહેસાસ થાય છે. આજે દિવસ દરમિયાન સવારથી જ ગરમી આકરી અનુભવાતી હતી જયારે આકરા તાપના અહેસાસ વચ્ચે શહેરીજનો હીટવેવથી પ્રભાવિત થયા હતા બપોરના સમયે હવે નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. આકરા સુર્યપ્રકાશ વચ્ચે ગરમીનુ જોર વધ્યુ છે. જેના લીધે સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓ બપોરના સમયે રીસેષમાં બહાર જવાનુ ટાળે છે. જયારે ગરમીની મોસમ નિખરતા બજારમાં ટોપી ચશ્મા અને રૂમાલ સહીત ગરમીથી રક્ષણ આપતી ચીજવસ્તુઓની ખરીદી વધી છે. અબોલ પશુપક્ષીઓ માટે પણ રહેણાંક વિસ્તારમાં ઠેર ઠેર પક્ષી પરબ મુકવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો સતત ૪૦ ડીગ્રીની ઉપર રહેતા આજે શહેરીજનોએ ગરમીની અસર વધુ અનુભવી હતી બદલાતી મોસમ સાથે જન આરોગ્ય પણ પ્રભાવિત છે. ગરમીની અસરથી શહેરમાં બપોરના સમયે જનજીવન પણ સુન્ન પડી જાય છે. નગરના શોપિંગ બજારમાં બપોર થી સાંજ વચ્ચેના સમયગાળામાં સન્નાટો જોવા મળે છે. જયારે રાત્રિના સમયે અલબત્ત મોડી સાંજે વાતાવરણમાં થોડી ઠંડક થતા માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ વધે છે. જયારે સેકટરોના ઉદ્યાનોમાં પણ ભીડ જોવા મળે છે. આકરી ગરમીના લીધે ઘરો અને ઓફિસોમાં એ સી

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતર ૪૮ ટકાએ પહોંચ્યુ

પાણી-વીજળી-શ્રમિકોની સમસ્યાઓને લઈ ઉનાળુ પાકોની વાવણી માટે ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળતો નથી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતર ધીમી ગતિએ આગળ વધી રહ્યુ છે. ઉનાળુ વાવેતરમાં પાણી વીજળી અને શ્રમિકોની સમસ્યા ખેડૂતોને નડી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ઉનાળુ વાવેતર ૪૮ ટકા જેટલુ થયુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧,૪૯૩ હેક્ટરમાં ઉનાળુ વાવેતર થયુ છે.

પાણી માટે ઓવર એક્સપ્લોઈટેશન કેટેગરીમાં આવતા જિલ્લામાં ઉનાળુ પાકનું વાવેતર સરેરાશ ૨૫ હજાર હેક્ટરમાં થતુ હોય છે. આ વખતે વીજળી પણ સમસ્યારૂપ બની હોવાથી ખેડૂતો વાવેતર માટે ઉત્સાહિત જોવા મળતા નથી. શ્રમિકોની સમસ્યા પણ નડી રહી છે. ઘઉંમાં નવા પાકની આવક જે બજારોમાં દેખાવી જોઈએ તેટલી હજુ દેખાતી નથી અને તેની પાછળ શ્રમિકોની સમસ્યા કારણભૂત હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન જિલ્લામાં દહેગામ તાલુકામાં ૧૦૦ ટકા કરતાં વધુ અર્થાત ૧૦૮ ટકા જેટલુ ઉનાળુ વાવેતર થયુ છે. ગાંધીનગરમાં ૩૦.૨૬, કલોલમાં ૩૮.૪૯ અને માણસામાં ૨૩.૯૦ ટકા જેટલુ વાવેતર થયુ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ડાંગરનું વાવેતર કલોલમાં ૭૦ હેક્ટરમાં નોંધાયુ છે. ઉનાળુ બાજરીનું વાવેતર ૩૯૯૩ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૯ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૬૫ હેક્ટરમાં, તલનું વાવેતર ૪૧ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૨૫૦૦ હેક્ટરમાં નોંધાયુ છે. મૂંગા પશુધન માટે ઘાસચારાનું વાવેતર ૪૬૯૫ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં દહેગામ તાલુકામાં ૧૦૭ હેક્ટરમાં તડબુચની ખેતી તો ગાંધીનગર અને દહેગામના કેટલાક વિસ્તારોમાં ટેટીની ખેતી પણ થઈ હોવાનું જાણવા મળેલ છે.

ઉનાળો ધીમે ધીમે જામી રહ્યો છે. સૂર્યનો તડકો માથે તપી રહ્યો છે. આકરી ગરમીમાં જ્યાં મનુષ્યો હેરાન થાય છે ત્યાં પશુ-પંખીઓની તો શું વિસાત... આકરી ગરમીમાં રાહત મેળવવા માટે પાણીની જરૂરીયાત પશુ-પંખીઓને રહે છે. ગાંધીનગરનમાં નદી-તળાવ જેવા કાયમી વોટરબોડી ન હોવાથી અબોલા પશુ-પંખીઓને પાણી માટે ઠેર ઠેર ભટકવુ પડે છે. જોકે શહેરમાં એવા ઘણા સેવાભાવીઓ છે જેમણે ઠેર ઠેર પાણીના કુંડા મુકાવ્યા છે. ક્યાંક ક્યાંક તેને વૃક્ષો પર બાંધી દેવાયા છે. આ કુંડામાં દરરોજ પાણી ભરાય તેનુ ધ્યાન પણ આ સેવાભાવીઓ રાખે છે. જિલ્લા પંચાયત પાસે વૃક્ષ પર બાંધવામાં આવેલા આવા કુંડાઓમાંથી અસંખ્ય પંખીઓ પાણી પીને પોતાની તૃષા છીપાવે છે.

જોસેફ મોનિસ પટેલની ડોક્યુમેન્ટરી સમર ઓફ સોલને ઓસ્કાર મળ્યો

અમદાવાદ, તા.૨૯

પ્રોડ્યુસર જોસેફ મોનિષ પટેલના ટ્વિટર અકાઉન્ટ પર એક ટ્વિટ પિન કરવામાં આવી છે, જે સૌથી ઉપર દેખાયછે. આ ટ્વિટ તેમણે પોતે પ્રોડ્યુસ કરેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ સમર ઓફ સોલ વિશે છે. આ ટ્વિટમાં તેમણે દાવો કર્યો હતો કે, કદાચ તેઓ પહેલા એવા પટેલ હશે જે ઓસ્કર ઘરે લઈ જશે. અને સોમવારે સવારે તેમનું આ અનુમાન સાચુ પડ્યું. સમર ઓફ સોલ ડોક્યુમેન્ટરી ફીચર ફિલ્મની ટીમે બેસ્ટ ડોક્યુમેન્ટરી ફ્યૂચરનો ઓસ્કર અવોર્ડ પોતાના નામે કર્યો.

આ ડોક્યુમેન્ટરી ફિલ્મે માત્ર ઓસ્કર અવોર્ડ નથી જીત્યો, વર્ષ ૨૦૨૧-૨૨માં તેણે અનેક મોટા અવોર્ડ પોતાના નામે કર્યા છે. સન ડાન્સ ફિલ્મ ફેસ્ટિવલ, ફિલ્મ ફેસ્ટિવલ, ક્રિટિક ચોઈસ ડોક્યુમેન્ટરી એવોર્ડસ, નેશનલ બોર્ડ ઓફ રિવ્યુ, બ્રિટિશ એકેડમી ફિલ્મ એવોર્ડસ, પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ અમેરિકા એવોર્ડવગરે વગેરે. આવા અનેક અવોર્ડ આ ડોક્યુમેન્ટરી ફીચર ફિલ્મે જીત્યા છે. જોસેફ મોનિષ પટેલે ઓસ્કર અવોર્ડ જીત્યા પછી ટ્રોફીની તસવીર ટ્વિટ કરી હતી અને સાથે શેમ્પેઈનની એક બોટલ પણ મૂકવામાં આવી હતી.

બેસણું

મારા સુપુત્ર
ભાવેશકુમાર આશાભાઈ પ્રજાપતિ
(તલાટી-કમ મંત્રી, જામનગર જિલ્લો)નું
આકસ્મિક અવસાન તા.૨૬/૦૩/૨૦૨૨ને
શનિવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું
બેસણું તા.૩૧/૦૩/૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી બપોરના ૧.૦૦ કલાક દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ- બ્લોક નં.૨૫૭/એ-૧, ચ-ટાઈપ, સરકારી આયુર્વેદીક દવાખાનાની પાસે, સેક્ટર-૨૯, ગાંધીનગર.

આશાભાઈ કાળીદાસ પ્રજાપતિ (પિતા)
(નિવૃત્ત તલાટી-કમ મંત્રી, મો.૮૩૨૦૫૬૧૬૬૧)

રમણભાઈ કાળીદાસ પ્રજાપતિ (કાકા)
અરવિંદકુમાર આશાભાઈ પ્રજાપતિ (મોટાભાઈ) (સેક્શન ઓફિસર વિધાનસભા)
દિલીપકુમાર આશાભાઈ પ્રજાપતિ (ભાઈ) (પત્રકાર દિવ્ય ભાસ્કર ગાંધીનગર)
કૃણાલકુમાર રમણભાઈ પ્રજાપતિ (ભાઈ) (સેલ્સ ટેક્ષ ઓફિસર)

ધો.૧૨ આંકડાશાસ્ત્રનુ પ્રશ્નપત્ર સરળ જિલ્લામાંથી ૭૮ વિદ્યાર્થીઓ ગેરહાજર

ધો :૧૨ વિજ્ઞાન પ્રવાહમા આજે રસાયણવિજ્ઞાન અને ધો -૧૦માં ગણિતનુ પેપર : જિલ્લામાં અત્યાર સુધી એક પણ કોપી કેસ નોંધાયો નથી

ગાંધીનગર તા ૨૯

ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા અન્વયે આજે સામાન્ય પ્રવાહમાં ઈતિહાસ અને આંકડાશાસ્ત્ર વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી જેમાં આંકડાશાસ્ત્રમાં ૭૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જયારે ઈતિહાસમાં ૧૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. આંકડાશાસ્ત્રનુ પેપર પાઠયપુસ્તક આધારિત અને સરળ હોવાથી વિદ્યાર્થીઓને હેતુલક્ષી ગુણભાર વધુ મળવાની સાથે વિકલ્પો પણ વધુ ઉપલબ્ધ થયા હતા કોર્મસના વિદ્યાર્થીઓએ નામાના મુળ તત્વો ઉપરાંત આંકડાશાસ્ત્ર સહીત બે મહત્વના પેપરો સરળ નિકળતા હાંશકારો અનુભવ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા શરૂ થઈ ગઈ છે. જયારે આજે પરીક્ષાના બીજા દિવસે ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રજા હતી જયારે સામાન્ય પ્રવાહમાં ઈતિહાસ અને આંકડાશાસ્ત્ર વિષયની વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં ઈતિહાસ વિષયમાં જિલ્લામાંથી કુલ ૫૦૩ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જયારે ૧૦ ગેરહાજર રહ્યા હતા આ ઉપરાંત આંકડાશાસ્ત્રમાં ૫૭૪૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૭૮ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. આંકડાશાસ્ત્ર વિષયનુ પેપર સરળ નિકળતા કોર્મસના વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. આ અંગે વિષય નિષ્ણાંત દશરથસિંહ ખેરે જણાંવ્યુ હતુ કે આંકડાશાસ્ત્રનુ પેપર સંપુર્ણ પાઠયપુસ્તક આધારિત હતુ. વિદ્યાર્થીઓની અપેક્ષા મુજબ પેપર સરળ હોવાથી પરીક્ષાર્થીઓમાં ખુશીની લાગણી વ્યાપી હતી. હેતુલક્ષી ગુણભાર વધવાની સાથે વિદ્યાર્થીઓને વિકલ્પો પણ વધુ મળ્યા હતા. વિદ્યાર્થીઓ માટે બે મહત્વના નામાના મુળતત્વો તેમજ આંકડાશાસ્ત્રનુ પેપર સરળ પુરવાર થતા હાંશકારો અનુભવ્યો છે. ધો -૧૦ માં બુધવારે ગણિત વિષયની પરીક્ષા છે જયારે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓ રસાયણવિજ્ઞાનની પરીક્ષા આપશે આ ઉપરાંત સામાન્ય પ્રવાહમાં પણ તત્વજ્ઞાનનુ પેપર હોવાથી આ કસોટી વિદ્યાર્થીઓ માટે મહત્વની પુરવાર થશે. આજે પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો નથી જયારે શાંતિપુર્ણ માહોલમાં બન્ને વિષયની કસોટી સંપન્ન થઈ હતી. તેમ પણ શિક્ષણ વિભાગના સુત્રોએ જણાંવ્યુ છે.

આંકડાશાસ્ત્રનુ પેપર પાઠયપુસ્તક આધારિત અને સરળ હોવાથી વિદ્યાર્થીઓને હેતુલક્ષી ગુણભાર વધુ મળવાની સાથે વિકલ્પો પણ વધુ ઉપલબ્ધ થયા હતા

વિદ્યાર્થીઓ માટે બે મહત્વના નામાના મુળતત્વો તેમજ આંકડાશાસ્ત્રનુ પેપર સરળ પુરવાર થતા હાંશકારો અનુભવ્યો છે.

જિલ્લામાં ૧૩૮ ઓરડાઓ શાળામાં નવા બનાવાયા છે

બે વર્ષમાં ૧૨ નોન ગ્રાન્ટેડ પ્રા. શાળાને મંજૂરી આપવામાં આવી છે : સરકારી પ્રા. શાળામાં કામગીરી અને માળખાકીય સુવિધાના ઉપયોગની સમીક્ષા થાય છે

વિધાનસભામાં ગાંધીનગર
- પ્રકાશ જહા

● **ગાંધીનગર જિલ્લામાં ઓરડાઓ**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં શાળાના ઓરડાઓના નિર્માણને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં ૧૩૮ ઓરડાઓ બનાવવામાં આવ્યા છે.

તેમણે સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ છે કે ૩૦૮ ઓરડાઓની ઘટ છે અને આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી નવા ઓરડા બનાવવામાં આવશે.

● **પ્રા. શાળાઓને મંજૂરી**

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જિલ્લામાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ પ્રા. શાળાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૫૭૫ સરકારી, ૩૯ ગ્રાન્ટેડ અને ૩૦૫ નોન ગ્રાન્ટેડ પ્રા. શાળા આવેલી છે.

છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૧૨ નોન ગ્રાન્ટેડ પ્રા. શાળાને મંજૂરી આપવામાં આવી હોવાનું પણ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે.

● **કુપોષણથી પીડાતા બાળકો**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા-બાળ કલ્યાણમંત્રીએ જણાવ્યુ છે કે કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ ૧૬-૩-૨૦ થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી ૩૧-૧૨-૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે કોરોના મહામારીના કારણે ૧૬-૩-૨૦ થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પુરક પોષણ પુરૂ પાડેલ છે. જયારે ૧૬-૩-૨૦ પહેલા આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

● **શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લાની શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબતે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ગુજરાત સ્કૂલ ક્વોલીટી એટ્રિડિટેશન કાઉન્સીલ દ્વારા સપ્ટેમ્બર-૧૯ થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની સમીક્ષા કરવામાં આવે છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે જિલ્લાના ચારેય તાલુકાની ૧૦૦ ટકા સરકારી અને ઉચ્ચત્તર પ્રા. શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમ્યાન કરવામાં આવી છે. ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૩૨૩ સરકારી પ્રા. શાળા અને ઉચ્ચત્તર પ્રા. શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ આ પ્રક્રિયા ચાલુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · ASTRAL PIPES · PRINCE PIPING SYSTEMS · Jaquar experience bathing · DR. FIXIT · Birla White · ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com